sandesh
સોરઠ ન્યૂઝ
RAJKOT

## અમદાવાદ બાદ એકમાત્ર પોરબંદરની પસંદગી

# પોરબંદર નગરપાલિકાની મિસાલ પ્રોગ્રામ માટે પસંદગી

## સેનિટેશન અને વેસ્ટ વોટર મેનેજમેન્ટ માટે આયોજન ઘડાશે

। પોરબંદર ।

પોરબંદરનો મિસાલ પ્રોગ્રામમાં સમાવેશ કરાયો છે જે પ્રોગ્રામ અંતર્ગત પોરબંદરમાં સેનિટેશન અને વેસ્ટ વોટર મેનેજમેન્ટ માટે આયોજન ઘડાશે.ઉપરાંત સ્વચ્છ ભારત મિશનને વધુ વેગવાન બનાવવામાં આવશે.

યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેંટ (યુએસએઆઈડી) તથા ભારત સરકારના ઈન્ડિયા પાર્ટનરશિપ પ્રોગ્રામ અંતર્ગત પોરબંદર નગરપાલિકાને "મિસાલ", મુવિંગ ઈન્ડિયા ટુવર્ડ્સ સેનિટેશન ફોર ઓલ પ્રોગ્રામ (૨૦૧૯ -૨૦૨૨ ) માં સમાવેશ કરાયો છે. અગાઉ અમદાવાદનો આ પ્રોગ્રામમાં સમાવેશ કરાયા બાદ તાજેતર માં જ પોરબંદર , ઉદયપુર, મૈસુર શહેરનો પણ આ પ્રોગ્રામમાં સમાવેશ કરાયો છે.

આ અંગે માહિતી આપતા પોરબંદર પાલિકા ના ચીફ ઓફિસર રુદ્રેશભાઈ હુદડે જણાવ્યું હતું કે મૂવિંગ ઈન્ડિયા ટુવર્ડ્સ સેનિટશન ફોર ઓલ (મિસાલ ) નો મુખ્ય હેતુ પોરબંદર પાલિકાની સહભાગીદારીથી, યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેંટની વિત્તિય સહાયથી અર્બન મેનેજમેન્ટ સેન્ટરના નેતૃત્વ હેઠળ ભારતમાં સ્વચ્છ ઐતિહાસિક શહેરના ઉદાહરણ ઊભા કરવાનો છે.

આ સહભાગીદારી યોજનાનો મુખ્ય ઉદેશ્ય ભારતના અન્ય ત્રણ શહેરોની સાથોસાથ, પોરબંદરમાં પણ પરિવર્તનીય ફેરફાર માટે તકનિકી સહાય આપવાનો છે.

મિસાલ ' તેની દરેક પ્રવૃતિને સ્વચ્છ ભારત મિશન સાથે જોડશે અને તંત્ર-કાર્યપદ્ધતિની મજબૂતી માટેની તથા વ્યવહાર પરીવર્તન માટેની વ્યૂહરચના ઘડીને, પોરબંદરમાં ઓડીએફની સ્થિતિને નિરંતર ટકાવી રાખવા તથા ઓડીએફ પ્લસના માપદંડોને પૂર્ણ કરવા માટેના નમૂના દર્શાવશે. અર્બન મેનેજમેંટ સેન્ટર, "મિસાલ" પ્રોગ્રામને તકનીકી સહાય પૂરી પાડશે.